## આજે શ્રીમદ્ ભાગવત કથાની પૂર્ણાહુતિ

વિશ્વ કલ્યાણ મિશન ટ્રસ્ટ હરિદ્વાર દ્વારા સે-૧૧ના રામકથા મેદાન ખાતે રાષ્ટ્રીય સંતશ્રી ચિન્મયાનંદ બાપુની વ્યાસપીઠે યોજાઈ રહેલી શ્રીમદ્ ભાગવત કથાની આજ રોજ પૂર્ણાહુતિ કરવામાં આવશે. તા. ૧૮ના રોજ ભાવનાબેન ગોકલાણી અને બાલ કિર્તનકાર હિરલ ગોસ્વામી દ્વારા આનંદના ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સંજયભારતી ગોસ્વામી બાપુ ઉપસ્થિત રહ્યા હતા અને ભકતોને આશીર્વાદ પાઠવ્યા હતા.

## વિધાનસભા સત્રને પગલે પોલીસનો ચાંપતો બંદોબસ્ત

ગુજરાત વિધાનસભાના ૬ દિવસીય ટૂંકા વિધાનસભા સત્રને લઈ જિલ્લા પોલીસે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે. વિધાનસભા સત્રને લઈ પોલીસ તંત્રએ સચિવાલય સંકુલમાં હાલ કિલ્લાબંધી કરી દીધી છે. જેને પગલે ૫ ડીવાયએસપી, ૧૨ પી.આઈ., ૩૦ પી.એસ.આઈ., ૨૦૦ પોલીસ જવાનો, ૨૦ ટ્રાફિક પોલિસ જવાનો, ૩ કંપની એસ.આર.પી. અને ૧ કંપની મહિલા એસ.આર.પી. સહિતના અધિકારીઓ અને પોલીસ કર્મીઓ ખડે પગે બંદોબસ્ત કરશે.

## સંતશ્રી રોહિદાસની જન્મજયંતિની ઉજવણી

સંતશ્રી રોહિદાસની ૬૩૮ની જન્મજયંતિ પ્રસંગે સંતશ્રી રોહિદાસની રથયાત્રા નીકળેલ. બપોરે ધર્મસભામાં માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરા, નાયબ દંડકશ્રી વિધાનસભા શ્રી આત્મારામ પરમાર, ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ સંતો મહંતો હાજર રહેલ. રાત્રે ડાયરાનું આયોજન કરવામાં આવેલ હતું.

### ખોરજ ખોડિયાર બ્રીજથી ગાંધીનગર

# શટલીયા જીપના બહાને સુમોમાં બેસાડી ૧.૨૦ લાખના દાગીનાની ચોરી

### પેસેન્જર પાસેથી ભાડુ પણ લીધું ને સુટકેશમાંથી ૯ તોલા દાગીના પણ કાઢી લીધા : એક મહીલા સહિત સાત સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૧૮

ખોરજ ખોડિયાર બ્રીજ પર ઉભેલા મહેસાણાના એક વ્યકિત શટલીયા વાહનની રાહ જોઈ રહ્યો હતો ત્યારે સુમોમાં શખ્સો તેની પાસે આવ્યા અને ગાંધીનગર શટલીયા જીપ હોવાનું કહી બેસાડી લીધા હતા. મુસાફરને ચ-૨ સર્કલે ઉતારીને ભાડુ પણ વસુલ્યું અને તેમની સુટકેશમાંથી નજર ચુકવીને ૯ તોલાના સોનાના દાગીના (રૂ. ૧.૨૦ લાખની મત્તા) પણ સેરવી લીધાની ઘટના બનવા પામી હતી. સે-૭ પોલીસે મુસાફરની ફરિયાદને આધારે એક મહિલા સહિત સાત શખ્સો સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

મહેસાણા ખાતે રહેતા શામદદાન ગઢવી ૧૬ ફેબ્રુઆરીએ સવારે ૧૧ વાગ્યે ગાંધીનગર-સરખેજ હાઈવે પર ખોડીયાર બ્રિજ પાસે વાહનની રાહ જોઈને ઉભા હતા. તેટલામાં એક સફેદ રંગની સુમો ગાડી ગાંધીનગર... ગાંધીનગર... શટલના બહાને તેમની પાસે આવી. શામદદાનને સુમોમાં બેસાડી તેમની પાસેની બે સુટકેસ પાછળની બાજુ મુકી દીધી હતી. સુમોમાં એક મહિલા ઉપરાંત છ શખ્સો મળીને સાત જણા બેઠા હતાં. પાછળ સુટકેશ જયાં મુકી ત્યાં એક શખ્સ બેઠો હતો. ખોડીયારથી ચ-૨ સર્કલ સુધી પહોંચતા રસ્તામાં સુટકેસ ફેંદીને તેમાંથી સાડા ચાર તોલાનો સોનાનો સેટ અને મંગળસુત્ર મળીને ૯ તોલાના દાગીના ચોરી લીધા હતાં. ચ-૨ એ મુસાફરને ઉતારી ભાડુ લઈ સુમોમાં આવેલી આખી ગેંગ ફરાર થઈ ગઈ હતી. સે-૭ પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.




સે-૬ પ્રાથમિક શાળા ખાતે 'ઓમ ચેરીટેબલ ટ્રસ્ટ' દ્વારા એક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સામાજિક અગ્રણી એલ.એન. પરમાર, મ્યુનિસિપલ કાઉન્સીલર ગાંધીનગર મ.ન.પા. અશોકભાઈ શ્રીમાળી ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : કશ્યપ નિમાવત)

# રાયપુર રોડ પર અજાણ્યા વાહને શ્રમિક યુવાનને કચડી માર્યો

### સવારે રોડની બાજુમાંથી માથું છુંદાયેલી હાલતમાં મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીક આવેલા રાયપુર-જાખ રોડ પર એક શ્રમિક યુવાનને કોઈ અજાણ્યા વાહન ચાલકે અડફેટે લઈ ટાયર માથાનાં ભાગેથી ફેરવી લઈ મોતને ઘાટ ઉતારી મુકવાની ઘટના બનવા પામી છે. ડભોડા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટ મોર્ટમ કરાવી ફરાર વાહનચાલક આરોપીની શોધખોળ શરુ કરી છે.

રાયપુર ગામમાં રહેતા બાબુજી સોમાજી ડાભીની ફરિયાદ મુજબ ડભોડા પોલીસની ટીમ રાયપુર-જાખ રોડ પર બનાવ સ્થળે પહોંચી ગઈ હતી. ૨૫ વર્ષના યુવાનનો મૃતદેહ પડયો હતો અને માથાનો ભાગ છુંદાઈ ગયેલો હતો. મૃતક યુવાનની તપાસ કરતાં મુળ ઉત્તર પ્રદેશનો રહેવાસી અને હાલ જાખ જીઆઈડીસીમા રહી ત્યાંની એક ફેકટરીમાં શ્રમિક તરીકે નોકરી કરતો યુવાન હોવાનું જાણવા મળ્યું છે કોઈ અજાણ્યા વાહન ચાલકે તેને ટકકર મારી માથાના ભાગેથી ટાયર ફેરવી નાંખ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે. બેફામ જતા વાહનચાલકે અકસ્માત સર્જીને મોતને ઘાટ ઉતારી દીધા બાદ ફરાર થઈ ગયો હતો. ડભોડા પોલીસે ગુનો દાખલ કરી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.



ગણેશ યાગ : ગાંધીનગરના શ્રી દત્ત મંદિર ખાતે મહાસુદ ચોથ અર્થાત્ અંગારક ચોથના પાવન પર્વે ગણેશ યાગ યોજાયો હતો. વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે યોજાયેલ ગણેશ યાગમાં જાણીતા યજ્ઞ આયોજક શ્રી પિનાકીનભાઈ જાની, હાજીપુરાના પૂ. નિરંજન સ્વામી તથા સંસ્કૃતના વિદ્વાન શ્રી ગૌતમભાઈ પટેલ સહિત ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# ગ્રામ વિકાસ નિગમના કર્મચારીઓની છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા માંગણી

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમના કર્મચારીગણ દ્વારા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખી નિગમના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ અને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવા માંગણી કરી છે.

નિગમના કર્મચારીગણ વતી પ્રમુખ જે.એમ. ધોરીયાએ લખેલા પત્રમાં રાજયના મુખ્યમંત્રીને કર્મચારીઓ વતી વડાપ્રધાન બનવા શુભેચ્છાઓ પાઠવવાની સાથે ગુજરાત સરકારના તા. ૧લી જાન્યુઆરી ૨૦૦૬થી રાજય સરકાર અંતર્ગતના બોર્ડ અને નિગમોના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવાનું તેમજ જે કર્મચારીઓને બઢતીનો લાભ મળી શકે તેમ ન હોય તેમને પ્રથમ અને દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ આપવાનું સરકારે નક્કી કર્યું હતું તે યાદ કરાવતા છઠ્ઠા પગારપંચ અને ઉચ્ચતર પગાર ધોરણની માંગણી કરેલ છે. નિગમના મોટા ભાગના કર્મચારીઓ વર્ગ-૩ અને વર્ગ-૪ના હોવાથી હાલમાં ૫૦ વર્ષની ઉપરની ઉંમર ધરાવે છે. જેથી દરેકને સામાજિક પ્રસંગો જેવા કે પુત્રો પુત્રીના લગ્નો તેમનો ઉચ્ચ અભ્યાસ, રહેઠાણની વ્યવસ્થા જેવા પ્રશ્નો હલ કરવાના હોઈ આ કારમી મોંઘવારીને ધ્યાનમાં રાખી છઠ્ઠા પગાર પંચ અને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ ત્વરિત આપવા વિનંતી કરાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રીની સૂચનાથી વર્ષ ૨૦૧૨માં ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમને ચાલુ રાખવું કે બંધ કરવું તે અંગે ગ્રામ વિકાસ મંત્રી નરોત્તમ પટેલના અધ્યક્ષ સ્થાને કમિટી રચાઈ હતી. જેમાં પાંચ મંત્રીઓ સામેલ હતા. આ કમિટીએ નિગમને ચાલુ રાખવા ભલામણ કરી હતી. જેની ફાઈલ નાણાં વિભાગમાં પેન્ડીંગ હોવાના કારણોસર નિગમના કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો તેમજ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળેલ નથી તેવી દલીલ પણ આ પત્રમાં કરાઈ છે.

# એઈડ્સને ભારત દેશમાંથી નાબૂદ કરવા સાઈકલ પર ભારત ભ્રમણ કરશે

ગાંધીનગર, તા. ૧૮

વિશ્વમાં અને ભારત દેશમાં એઈડ્સની બિમારી ઝડપથી ફેલાઈ રહી છે. આ ભયંકર બિમારીથી નાગરિકો જાગૃત થાય તે માટે એચઆઈવી પોઝીટીવ દર્દી દ્વારા એચઆઈવી જાગૃતિ અભિયાન અંતર્ગત ભારત ભ્રમણ કરવા ભાવનગરથી સાઈકલ લઈ સંદેશો આપવા નિકળ્યા છે. જેઓ આજે ગાંધીનગરની કેરએન્ડ સપોર્ટ સેન્ટર ખાતે આવી પહોંચ્યા હતા.

ભાવનગરમાં ફ્રુટની લારીથી પોતાનું ગુજરાન કરતા અમરકુમાર ધોલાણી એચઆઈવી પોઝીટીવ દર્દી છે. હંમેશા બીજાની સેવા કરવાનું ધ્યેય રાખતા ધોલાણીને એઈડ્સની ગંભીર બિમારીમાં સપડાયા છે તેવો ખ્યાલ આવતા તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. પરંતુ માનસિકતા ગુમાવ્યા વગર તેમણે દેશ અને દુનિયામાંથી એઈડ્સને દૂર કરવાના સોગંધ લઈ ભારત ભ્રમણ કરી રહ્યા છે.

દર્દીએ ભાવનગર, શિહોર, વલભીપુર, બરવાળા, ધંધુકા, બગોદરા, બાવળા, અમદાવાદ થઈ આજે શહેરના સેક્ટર-૬માં આવેલી અને એચઆઈવી દર્દીઓની પડખે ઉભી રહેતી કેર એન્ડ સપોર્ટ સેન્ટર ખાતે આવી પહોંચ્યા હતા. જયાં તેમણે સંસ્થાના કર્મચારીઓ દ્વારા આવકારવામાં આવ્યા હતા. હવે તેઓ ખેડા,સુરત થઈ મહારાષ્ટ્ર ખાતે જાગૃત અંતર્ગત સંદેશો ફેલાવશે.

પોતાની ત્રણ પૈડા વાળી સાઈકલ પર નિકળેલા દર્દીએ સાયકલને જ પોતાનું મકાન બનાવ્યું છે. સાયકલમાં સુવાનુ, ભોજન બનાવવાનું અને ભગવાનની પ્રાર્થના કરવા માટે મંદિર પણ સાથે જ રાખે છે. ભારત ભ્રમણ દરમ્યાન પોતાના સ્વ-ખર્ચે આ સંદેશો ફેલાવશે.



દેશના રાષ્ટ્રીય નેતાઓની પણ તેઓએ એચઆઈવીની બિમારીને દેશમાંથી નેસ્તનાબુદ કરવા માટે મુલાકાતો લીધી છે. ત્યારે તેમણે જણાવ્યું હતું કે ટી.વી. ઉપર આપવામાં આવતી જાહેર ખબરોથી બિલકુલ વિરુદ્ધનું કામ કરવામાં આવે છે. તેમને ખાટા-મિઠા અનુભવો જણાવ્યા હતા. ઘણા નેતાઓ તેમને ભેટીને ફોટા પડાવતા હોય છે જયારે અમુક નેતાઓ ઓફિસનું પગથિયુ પણ ચઢવા દેતા નથી ત્યારે ઘણુ બધુ દુઃખ થાય છે.

એચઆઈવી દૂર કરવા માટે તેમણે રેડલાઈટ એરિયામાં કામ કરતી સેક્સ વર્કરો પાસે જઈને આ બિમારી વિશેની માહિતી આપી હતી. સેક્સ વર્કરોએ તેમને સાંભળ્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે આ કિચડમાંથી અમારે પણ બહાર નિકળવુ છે પણ શુ કરીએ પાપી પેટનો સવાલ હોય છે.

સ્વાર્થી દુનિયામાં લોકો પોતાની મનોકામના પૂર્ણ થાય તે માટે આકરી બાધાઓ રાખતા હોય છે. ત્યારે આ દર્દીએ દેશ અને દુનિયા આ બિમારીની જાળમાંથી બહાર નિકળે તે માટે ૧૯૦૦ કિલોમીટર ભાવનગરથી વૈષ્ણોદેવીની પદયાત્રા એકલાએજ ૫૦ દિવસમાં પૂર્ણ કરી હતી. પદયાત્રા દરમ્યાન તેમણે એઈડ્સના બેનરો સાથે રાખી જાગૃતિનો સંદેશ ફેલાવ્યો હતો.

જ્યારે પણ ખાનગી નોકરી મેળવવા ગયા ત્યારે ત્યારે અપમાનીત થવુ પડ્યું હતું અને તેમને નોકરીમાંથી ૧૦ દિવસ બાદ ફરજ મુક્ત કરવામાં આવ્યા હતા અને સહકર્મીઓ દ્વારા મ્હેણા ટોણા પણ સાંભળવા પડતા હતા. પછી તેમણે ગૃહત્યાગ કરી જીવનના છેલ્લા શ્વાસ સુધી એઈડ્સ જાગૃતિ માટે ઝીરો ટકા નવા ઈન્ફેક્શન, ઝીરો ટકા ભેદભાવ, ઝીરો ટકા એઈડ્સ સંબંધિત મૃત્યુ માટે લડીશ તેવી નેમ લઈ ભારત ભ્રમણ કરશે.

# જિલ્લા કક્ષાની કચેરીઓ સહયોગ ભવનમાં કાર્યવન્ત થશે

### માર્ગ-મકાનમંત્રીએ ૧૦૪ કરોડથી વધુના કામોનું લોકાર્પણ કર્યુ : સરગાસણ પાણી શુદ્ધિકરણ પ્લાન્ટના લીધે વાર્ષિક ૧૦ કરોડના પાણીની બચત થશે : કર્મચારીઓની કામગીરી પર મંત્રીઓની સીધી નજર રહેશે

ગાંધીનગર, તા. ૧૮

શહેરમાં ૮૮ કરોડના ખર્ચે નિર્માણ કરાયેલા સહયોગ અને કર્મયોગી ભવનમાં આધુનિક સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. કર્મચારીઓની કામગીરી પર અધિકારીઓ તેમજ મંત્રીઓ સીધી નજર રાખી શકશે તેમ આજે લોકાર્પણવિધિ પ્રસંગે માર્ગ-મકાન ખર્ચે તૈયાર કરાયેલા કર્મયોગી ભવનના બે બ્લોકનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સરગાસણ સ્થિત પાણી શુદ્ધિકરણ પ્લાન્ટનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માર્ગ-મકાન મંત્રી આનંદીબેન પટેલે જણાવ્યું હતુ કે આ પ્લાન્ટ વતી દરરોજ ૧૦ મિલિયન લીટર પાણી શુદ્ધ થશે. જેના પરિણામે સ્વર્ણિમ વિભાગો પણ કાર્યરત બન્યા છે. જેના પરિણામે જિલ્લાકક્ષાએ અનેક કચેરીઓ કાર્યરત બની છે. આવી કચેરીઓ જિલ્લામાં જુદા જુદા સ્થાને અને કેટલીક કચેરીઓ ભાડાના મકાનમાં કાર્યરત છે. આવી કચેરીઓને એક ભવનમાં ખસેડવાનો નવતર પ્રયોગ છેલ્લા ૫ થી ૭ વર્ષમાં કરવામાં આવ્યો છે. જેના થકી




મંત્રી આનંદીબેન પટેલે જણાવ્યું હતું. શહેરી વિસ્તારમાં આજે ૧૦૪ કરોડથી વધુ કામોનું લોકાર્પણ તેમજ ૫૩ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જિલ્લાકક્ષાની કચેરીઓ હવે એક જ ભવનમાં કાર્યવન્ત થશે.

ગાંધીનગરમાં આજે જિલ્લાકક્ષાની કચેરીઓ માટે નિર્માણ કરાયેલા સહયોગ ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાજ્યકક્ષાની કચેરીઓ માટે ૬૮ કરોડના પાર્ક સહીત નગરના ઉદ્યાનોને પાણી પુરૂ પાડી હરિયાળા રાખવામાં આવશે. વાર્ષિક રૂ. ૧૦ કરોડના પાણીની બચત થશે નવીન ભવનોમાં શૌચાલય સહિતની અન્ય જગ્યાએ પણ આ પાણી સપ્લાય કરવામાં આવશે. રાજ્યમાં આ સૌપ્રથમ અત્યાધુનિક પ્લાન્ટ હોવાનું પણ તેમણે જણાવ્યુંહતું. સહયોગભવન અંગે તેમણે માહીતી આપતા જણાવ્યું હતું કે રાજ્યનો વિકાસ થઈ રહ્યો છે. તેમજ વહીવટી સરળતાના અર્થે નવા નવા તાલુકા કક્ષા કે જિલ્લા કક્ષાએ પોતાના કામે આવનાર વ્યક્તિને કચેરીઓ એક સ્થળે કાર્યરત બનવાથી તેને તેના કામમાં સરળતા રહે છે. ગાંધીનગર જિલ્લા કક્ષાની અનેક કચેરી શહેરમાં જુદા જુદા સ્થાને કાર્યરત છે. જેથી આવી કચેરીઓને એક ભવનમાં બેસાડવા માટે રૂપિયા ૨૦ કરોડના ખર્ચે સહયોગ ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. અદ્યતન સહયોગ ભવન રૂપિયા ૨૦ કરોડના ખર્ચે ૧ વર્ષ ૧૦ મહિનામાં નિર્માણ પામ્યું છે.

## સેકટર-૩/સીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૧૮

શ્રીમદી મધુબેન કડીકરના સુરમધુર કંઠે આનંદનો ગરબો સેકટર-૩-સી પ્લોટ નં. ૫૦૭/૨ શ્રીમતી હિનાબેન રાજેન્દ્ર મહેતાને ત્યાં તા.૧૯મી ફેબ્રુઆરીએ બપોરે અઢી વાગે યોજેલ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૦
સૂર્યાસ્ત : ૬.૩૬

## તાપમાન

મહત્તમ : ૨૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૧.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૦ ટકા ● સાંજે ૨૬ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્કીન-૧ :
ગુંડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
: સ્કીન-૨ :
ગુંડે: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૦, ૬.૨૦, ૯.૩૦
: સ્કીન-૩ :
રોબોકોપ (હિન્દી) : ૯.૦૦, ૨.૩૦, ૧૧.૦૦
ગુંડે : ૧૧.૩૦, ૫.૦૦, ૮.૦૦
: સ્કીન-૪ :
હસી તો ફસી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૯.૩૦
રોબોકોપ (હિન્દી) : ૭.૦૦

### આર વર્લ્ડ

: સ્કીન-૧ :
ગુંડે : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્કીન-૨ :
હસીના માન જાયેગી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જય હો : ૬.૪૫
: સ્કીન-૩ :
ગુંડે : ૧૦.૧૫, ૧.૧૫, ૬.૧૫, ૯.૧૫

### સૂર્યા, વાવોલ

ગુંડે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હસી તો ફસી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
ગુંડે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્કીન-૨ :
ગુંડે : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્કીન-૩ :
હસી તો ફસી : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### ચિરાગ સિનેમા(કલોલ)

ગુંડે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : કર્મક્ષેત્ર વિશિષ્ટ કાર્યો ને પૂર્ણ કરવા માટે વિશેષ યાત્રાનો યોગ. નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કુટુંબના સભ્યો સાથે મતભેદ થઈ શકે છે.

**વૃષભ** : નિર્ણયોને ખાનગી રાખવા જરૂરી છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. આવક- ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે.

**મિથુન** : બુદ્ધિ અને મનોબળથી સુખ-સંપન્નતાની સ્થિતિ બનશે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

**કર્ક** : આર્થિક રોકાણ વિચારીને કરવું. મિત્રોની સાથે સમય પસાર થશે. નવા સંબંધ બની શકે છે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

**સિંહ** : કુટુંબનું વાતાવરણ નિરાશાનજક રહેવાથી ઉત્સાહ ઘટશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : સ્થાયી સંપતિ ખરીદની સંભાવના છે. પ્રયત્નોમાં સફળતા મળશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર-ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે. વધુ પ્રયત્ન કરવો પડશે.

**તુલા** : મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું. ઋણ લેવું પડી શકે છે. કૌટુંબિક ચિંતાથી મન ખિન્ન થશે. વધુ ખર્ચ ન કરવો, નહીં તો મુશ્કેલી થઈ શકે છે. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : પ્રયત્ન કરવા પર કાર્યોમાં સફળતા મળશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના. અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

**ધન** : કાર્યક્ષેત્રમાં વિઘ્નો ઉત્પન્ન થઈ શકે છે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ.

**મકર** : સ્ફુર્તિ અને જોશ રહેશે. ધર્મમાં આકર્ષણ વધશે. મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે.

**કુંભ** : પરિવારમાં સુખ શાંતિનું વાતાવરણ રહેશે. સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. શાસનથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : શત્રુઓથી હાનિ થવાની આશંકા છે. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

## ચિરવિદાય

- સ્વ. મોહનજી સુરાજી ઠાકોર (ઉ.વ. ૭૮) મુ.પો. ચિલોડા મોટા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સુરજબેન શિવાજી સોલંકી (ઉ.વ. ૮૦) મુ.પો. ડભોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. બાલુબા ગલાબજી વાઘેલા (ઉ.વ. ૮૫) મુ.પો. વાસણ મહાદેવ, તા. જિ. ગાંધીનગર.